વહિવટી કાર્યમાંની નકલ

ગ્રા-ટ-ઇન-એઇડ કોડના નિયમ ૫૫.૨(અ)
અને ૫૫.૨(બ)માં સુધારો કરવા બાબત.
-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક-બમશ-૧૩૯૬-૯૩૬૮-ગ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ,૨૯-૧૧-૧૯૯૬.

<u>ઠરાવ:-</u>

ગ્રા-ટ-ઇન-એઇડ કોડ-૧૯૬૪ ના નિયમ-૫૫.૨(અ)(બ) ની હાલની જોગવાઇ ને કારણે વિભાગના તારીખ. ૨૧/૫/૯૪ ના ઠરાવની જોગવાઇ અન્વયે ફાજલ કર્મચારીઓને બિન સરકારી માધ્યમિક શાળામાં સીનીયર કલાર્ક/જુનિયર કલાર્કની જગ્યા ઉપર ફાળવી શકાતા નથી. એટલેઆવા ફાજલ કર્મચારીઓની ફાળવણી થઇ શકે તે માટે ગ્રા-ટ-ઇન-એઇડ કોડની ઉપરોકત જોગવાઇમાં સુધારો કરવા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજય ગાંધીનગરે તા.૨૩/૨૪/૧૦/૯૬ના પત્રક-બમશ-અનદ-૧-ઘ-૯૬-૯૭-૨૨૦૪૦૨ થી દરખાસ્ત કરેલ હતી. પ્રસ્તુત દરખાસ્તની કાળજી પુર્વકની વિચારણાને અંતે ગ્રા-ટ-ઇન-એઇડ કોડ (સહાયક ગ્રા-ટ નિયમ સંગ્રહ) ના નિયમ ૫૫-૨(અ) અને ૫૫-૨(બ) નીચે મુજબ સુધારવાનું આથી સરકારશ્રી ઠરાવે છે.

હાલની જોગવાઇ નિયમ ૫૫-૨(અ)

બિન સરકારી માધ્યમિક શાળામાં કામ કરતા જુનિયર કલાર્ક સિનીયર કલાર્કની બઢતીની તકો મળી શકે તે માટે ઉપલી જગ્યાઓ સીધી ભરતીથી ન ભરતાં બઢતીથી ભરવી અને શાળામાં આવા કર્મચારીઓ એટલે કે નીચી પાયરી માટેની જગ્યા ન હોય કેકર્મચારી વડે તે જગા ભરાઇ ન હોય તો જ ઉપલી જગા બહારથી અરજીઓ મગાવી ભરવી આ પધ્ધતિ મુજબની નિ નિમણૂંકો જ ગ્રા-ટ પાત્ર ઠરશે. અન્યથા કરેલી નિમણૂંકો અંગે જે તે સંસ્થાનો તમામ જવાબદારી રહેશે.

<u>સુધારેલી જોગવાઇ નિયમ૫૫-૨(અ)</u>

બીન સરકારી માધ્યમિક શાળામાં કામ કરતા જુનિયર કારકુન અને સીનીયર કારકુનને બઢતીની તકો મળી રહે તે માટે ઉપલી જગ્યાઓ સીધી ભરતીથી ન ભરતાં બઢતીથી ભરવી. અને શાળામાં આવા કર્મચારીઓ એટલે કે નીચીપાયરીના કર્મચારીઓની જગા ન હોય કેકર્મચારી વડે તે જગા ભરાય ન હોય તો જ ઉપલીજગા બહારથી અરજીઓ મગાવીભરવી.આ પધ્ધતિ મુજબની નિમણૂંકો જ ગ્રા-ટ પાત્ર ઠરશે. અન્યથા કરેલી નિમણૂંકો અંગે જે તે સંસ્થાની તમામ જવાબદારી રહે છે. પરંતું સક્ષમ અધિકારી દ્વારા જો ઉપલી ખાલી જગા ઉપર ફાજલ કર્મચારી ફાળવવામાં આવે તો સૌ પ્રથમ તેમને સમાવવાના રહેશે.

૨.......

૯૯
૨૦।૧૨।૯૬

| નિયમ-૫૫.૨(બ) | નિયમ૫૫-૨(બ) અમલ |
|---|---|
| બીન સરકારી માધ્યમિક શાળામાં કામ કરતા અને જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા પટાવાળાઓને બઢતીની તકો મળી રહે તે માટે જુનીયર કારકુનની જગા સીધી ભરતીથી નહી ભરતા જે તે શાળામાં વર્ગ-૪(પટાવાળા)ના કોઇ કર્મચારી બીન સરકારી માધ્યમિક શાળામાં કારકુન થવાની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય અને પટાવાળા તરીકેની ઓછામાં ઓછી ત્રણ વર્ષની સળંગ નોકરી કરી હોય તેવા પટાવાળાઓને જુનીયર કલાર્કતરીકે બઢતી આપીને ભરવી. શાળામાં જો આવી જરૂરી લાયકાત ધરાવતા કર્મચારીઓ (પટાવાળા)ઉપલબ્ધ ન હોય તો જ જુનીયર કારકુનનીજગા સીધી ભરતીથી ભરવી. આ પધ્ધતિ મુજબની નિમણૂંક ગ્રાન્ટને પાત્ર ઠરશે. અન્યથા કરેલી નિમણૂંક અંગેની તમામ જવાબદારી જે તે સંસ્થાની રહેશે અને તેવી નિમણૂંક સહાયક અનુદાનને પાત્ર ઠરશે નહી. | બીન સરકારી માધ્યમિક શાળામાં કામ કરતા અને જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા પટાવાળાઓને બઢતીની તકો મળી રહે તે માટે જુનીયર કારકુનની જગા સીધી ભરતીથી નહી ભરતાં જે તે શાળામાં વર્ગ-૪(પટાવાળા)ના કોઇ કર્મચારી બિન સરકારી માધ્યમિક શાળામાં કારકુન થવાની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય અને પટાવાળા તરીકેની ઓછામાં ઓછી ત્રણ વર્ષની સળંગ નોકરી કરી હોય તેવા પટાવાળાઓને જુનીયર કલાર્ક તરીકે બઢતી આપીને ભરવી. શાળામાં જો આવા જરૂરી લાયકાત ધરાવતા કર્મચારીઓ (પટાવાળા) ઉપલબ્ધ ન હોય તો જ જુનીયર કલાર્કની જગા સીધી ભરતીથી ભરવી. આ પધ્ધતિ મુજબની નિમણૂંકો જ ગ્રાન્ટ પાત્ર ઠરશે અન્યથા કરેલી નિમણૂંકો અંગેની તમામ જવાબદારી જે તે સંસ્થાની રહેશે. અને તેવી નિમણૂંક સહાયક અનુદાન પાત્ર ઠરશે નહીં પરંતુ સક્ષમ અધિકારી દ્વારા જો ઉપલી ખાલી જગા પર ફાજલ કર્મચારી ફાળવવામાં આવે તો સૌ પ્રથમ તેમને સમાવવાના રહેશે. |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી
(એસ.એન.ચૌધરી)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ.

ક્રમાંક: ખ-૭/અમલ/પરિપત્ર/૯૬-૯૭/૮૪૩૭-
જિલ્લા શિક્ષણાધિકારીની ૮૫૩૪
કચેરી, બહુમાળીભવન ઉતારો,
રાજકોટ.તા.૧૦/૧૨/૯૮
23

પ્રતિ,
આચાર્યશ્રી
તમામ બિનસરકારી માધ્ય.શાળાઓ તરફ
રાજકોટ જિલ્લો
ઉપરોકત બાબતે જાણ તથા અમલાર્થે

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ

નકલ: :-આ કચેરીના તમામ શિક્ષણ નિરીક્ષક
તથા મદદ શિક્ષણ નિરીક્ષકશ્રીઓ કચેરીના તમામ